આકાશવાણી, અમદાવાદ

10-11-2026 Midday: 2.30 to 2.35 PM

TUESDAY Regional News

GUJARAT- NEW YEAR

વિશ્વભરમાં ગુજરાતીઓ આજે 'બેસતું વર્ષ' તરીકે જાણીતા નવા વર્ષની ઉજવણી કરી રહ્યા છે. આ અવસરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સામાન્ય જનતા અને કાર્યકરોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. સાંભળીએ એક અહેવાલ..

ગુજરાતી નવું વર્ષ વિક્રમ સંવત કેલેન્ડરના કારતક મહિનાની શરૂઆતનું પ્રતીક છે. રાજ્યભરમાં લોકો શાંતિ અને સમૃદ્ધિના આશીર્વાદ મેળવવા માટે મોટી સંખ્યામાં મંદિરોના દર્શને જઈ રહ્યા છે. લોકો તેમના સગા-સંબંધીઓ અને મિત્રોને મળીને 'નૂતન વર્ષાભિનંદન' કહીને નવા વર્ષની શુભેચ્છાઓ આપી રહ્યા છે અને પારંપરિક મીઠાઈઓની આપ-લે કરી રહ્યા છે. આ દરમિયાન, વેપારી વર્ગે તેમના નવા હિસાબી ચોપડાની પૂજા માટે 'ચોપડા પૂજન' કર્યું. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદ સ્થિત તેમના નિવાસસ્થાને પક્ષના કાર્યકરો અને નેતાઓ સાથે મુલાકાત કરી તેમને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી. ગાંધીનગરમાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકો અને અધિકારીઓ સાથે વિક્રમ સંવત 2083ની શુભેચ્છાઓની આપ-લે કરી. અગાઉ, તેમણે અડાલજ ત્રિમંદિર ખાતે દર્શન કર્યા હતા અને રાજ્યના કલ્યાણ અને સતત વિકાસ માટે પ્રાર્થના કરી હતી. બીજી તરફ ગોવર્ધન પૂજાના અવસરે, અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ શામળાજી મંદિરમાં વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો..... મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

PM GUJARATI NEW YEAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરી છે કે આ નવી શરૂઆત દરેકના જીવનમાં ખુશી, શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારીની નવી આશાઓ લાવે. શ્રી મોદીએ એવી પણ પ્રાર્થના કરી કે દરેકનું જીવન ઉત્તમ સ્વાસ્થ્ય, ઉત્સાહ અને ઉત્સાહથી ભરેલું રહે.

AMIT SHAH AHMEDABAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદમાં તેમના નિવાસસ્થાને પ્રજાજનો સાથે દિવાળી અને નૂતન વર્ષની શુભકામનાઓની આપ-લે કરી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, અમદાવાદ પોલીસ કમિશનર અને અન્ય મુલાકાતીઓ તહેવારોની શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરવા પહોંચ્યા હતા.
સોશિયલ મીડિયા સંદેશમાં નવ વર્ષની શુભેચ્છા પાઠવતા શ્રી શાહે જણાવ્યું કે આ નવું વર્ષ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદનો નવો ઉજાસ પાથરે. મા લક્ષ્મીના આશીર્વાદ દરેક પરિવાર પર સદાય વરસતા રહે તેવી અભ્યર્થના.

CM NEW YEAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતીઓને વિક્રમ સંવત 2083ના નૂતન વર્ષની શુભકામના પાઠવી. નવા વર્ષના પ્રથમ દિવસનો પ્રારંભ તેમણે ગાંધીનગરના પંચદેવ મંદિરમાં ભક્તિભાવપૂર્વક દર્શન-પૂજનથી કર્યો. શ્રી પટેલે અડાલજ ત્રિમંદિરમાં જઈને સીમંધર સ્વામી સહિત દેવ-દેવીઓના દર્શન-પૂજન કર્યા હતા તેમજ સૌના કલ્યાણ અને આરોગ્ય સુખાકારી તથા રાજ્યના અવિરત વિકાસની પ્રાર્થના કરી હતી. તેમણે વિકસિત ભારત અને નશામુક્ત ભારત માટે સંકલ્પ લેવા અનુરોધ કર્યો.
શ્રી પટેલે નૂતન વર્ષના પ્રથમ દિવસે મંત્રીમંડળ નિવાસ સંકુલ ખાતે નાગરિકો પ્રજાજનો સાથે નુતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓની આપ-લે કરી.

ACCIDENT

અંજારના દેવળિયા ગામ નજીક થયેલા અકસ્માતમાં કાર ચાલકનું મોત થયું હતું. અમારા ભુજના પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે એક કાર માર્ગની બાજુમાં ઊભેલી મોટરસાઈકલ સાથે ટકરાયા બાદ બાજુમાં વીજળીના થાંભલા સાથે અથડાઈ હતી. જેથી થાંભલા પરથી જીવતો વીજ વાયર તૂટીને કાર પર પડતાં તેમાં આગ લાગી હતી.

DAY CRICKET

ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રીજી એક દિવસીય મેચ રદ કરવામાં આવી છે. વરસાદથી પ્રભાવિત મેચમાં ભારતે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. 40 ઓવરની મેચની તૈયારીઓ છતાં સતત વરસાદના કારણે રમત અટકી ગઈ હોવાથી અમ્પાયરોએ રમત રદ કરી હતી. ભારત પાંચ મેચની શ્રેણીમાં 2-0થી આગળ છે. બાકીની બે મેચ 13 અને 15 નવેમ્બરના રોજ તૌરંગામાં રમાશે. શુભમન ગિલ અને કેએલ રાહુલ વેલિંગ્ટનમાં ભારતની ટેસ્ટ ટીમમાં જોડાશે. શ્રેયસ ઐયર અંતિમ બે વનડેમાં ટીમનું નેતૃત્વ કરશે. રુતુરાજ ગાયકવાડ અને ઈશાન કિશન પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવે તેવી અપેક્ષા છે.
